**બેંક ઓફ ઈન્ડિયામાં ગાંધીનગરની બીબીએ કોલેજના તૃતીય વર્ષના ૯ વિદ્યાર્થીઓનું ૩૦ દિવસ માટે 'ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ'**

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**બહેન, થ્રી - જી ફોર-જીવાળા જે કહે છે તે આપો છો.. અને બે રૂપિયા વધારામાં, અમને સબ્જીવાળા લૂંટે છે એવું કેમ કહો છો ?**

# આજથી સ્વામિનારાયણધામ સ્કુલ ખાતે રાષ્ટ્રીય ધામિકા કાઈ કરાટે સ્પર્ધા

**ગુજરાત સહિત ૯ રાજયોના ૪૫૦થી વધુ ખેલાડીઓ ભાગ લેશે : વિજેતા સ્પર્ધકો જર્મની ખાતે વર્લ્ડ ચેમ્પિયનશીપ રમવા જશે : ગાંધીનગરના પણ ૩૦થી વધુ ખેલાડીઓ ટકકર ઝીલશે**

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના આંગણે સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે તા. ૬ઠ્ઠી નવેમ્બરથી ૭મી રાષ્ટ્રીય કક્ષાના ધામિકા કાઈ (સિતો રિયુ) કરાટે સ્પર્ધાનો પ્રારંભ થઈ રહ્યો છે. આ સ્પર્ધામાં ગુજરાત રાજયના ૨૦૦થી વધુ સ્પર્ધકો સાથે કુલ ૯ રાજયમાંથી ૪૫૦થી વધુ ખેલાડીઓ ભાગ લેશે. આ સ્પર્ધામાં ગાંધીનગર શહેરના ૩૦થી વધુ વિદ્યાર્થીઓ પણ સામેલ થઈ રહ્યાં છે. આ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરનાર ખેલાડીઓ જર્મની ખાતે યોજાનાર આગામી વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ભાગ લેવા જશે.

ધામિકા કાઈ કરાટે ડો ફાઉન્ડેશનના ઉપક્રમે તા. ૬ઠ્ઠી અને ૭મી નવેમ્બર દરમિયાન યોજાનાર ૭મી નેશનલ ધામિકા કાઈ સિતો રીયુ સ્પર્ધા બે વિભાગમાં રમાડાશે જેમાં અન્ડર-૧૪ અને એબોવ-૧૪ વિભાગનો સમાવશ થાય છે. આ સ્પર્ધામાં અન્ડર-૧૪ માટે કાચા અને કુમિતે તથા એબોવ-૧૪ માટે ઓપન ચેલેન્જ અને ટીમ કાતા રમાડાશે. આ સ્પર્ધાની ખાસિયત એ છે કે તે જે વયના ખેલાડી સામે તેટલી જ વયના ખેલાડીને તેમજ જે તે વેઈટ ગ્રુપના ખેલાડી સામે તેટલા જ વેઈટ ગૃપનો ખેલાટી ટકરાશે. સ્પર્ધામાં દરેક વિભાગ-વય જુથમાં ત્રણ વિજેતા જાહેર કરાશે. સ્પર્ધા ૩૨ એકરના વિશાળ સ્વામિનારાયણ ધામ સંકુલના મેદાનમાં રમાડાશે. આ સ્પર્ધામાં ધામિકા કાઈના જનરલ સેક્રેટરી અને ચીફ કોચ શીહાન




રજનીશ ચૌધરી ચીફ રેફરીની ભૂમિકા ભજવશે. આ પ્રસંગે ગુજરાતના ચીફ ઈન્સ્ટ્રક્ટર શેનશાઈ હરજેન્દ્રસિંગ ગીલ તથા સંસ્થાના ટ્રસ્ટી શૈલેષ ઠક્કર પણ ઉપસ્થિત રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે કરાટેની રમતને ભારત સરકારે વર્ષોથી માન્યતા આપી છે અને એશિયન ગેમ્સમાં પણ તેનો સમાવેશ થયેલો છે. આગામી વર્ષ ૨૦૨૦ની ઓલમ્પિક રમતોમાં પણ કરાટેને પ્રવેશ મળ્યો છે. આ સ્પર્ધામાં આંતરરાષ્ટ્રીય ચેમ્પિયનશીપ તથા કોમનવેલ્થ ગેમ્સમાં રમી ચૂકેલા ખેલાડીઓ પણ ભાગ લેવા આવનાર છે. સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કુલના ટ્રસ્ટી શૈલેષ ઠક્કરે જણાવ્યું છે કે તમામ સ્પર્ધકોને રહેવા જમવા તથા કસરત અને પ્રેકટીશની તમામ વ્યવસ્થા ધામમાં જ પુરી પાડવામાં આવશે. બાળકો દેશ વિદેશમાં રમે તેમજ સ્વ બચાવની આ કળામાં પારંગત બની કરાટે પ્રત્યેની જાગૃતિ ફેલાવે તે માટે સંસ્થા કાર્યરત રહેશે.

## ખૂણે ખાંચરેથી...

● રોલ બોલ સ્કેટીંગની નેશનલ ચેમ્પીયનશીપ માટે નગરના ચાર બાળકોની પસંદગી થઈ હતી. ભાર્ગવસરના આ રમતવીરો અંડર-૧૪ અને અંડર ૧૧માં પસંદગી પામ્યા છે.

● શનિવારથી દિવાળી વેકેશનનો આરંભ થઈ રહ્યો છે. જો કે કેટલીક શાળાઓમાં નાના ભૂલકાઓનું આજથી જ વેકેશન શરૂ થઈ ગયું છે.

● ગુજરાત યુનિ.ની પરીક્ષાઓ ચૂંટણીને લઈ પાછળ લઈ જવામાં આવશે.

● સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ જિલ્લાનું સમગ્ર તંત્ર ઈલેક્શન મોડમાં આવી ગયું છે.

● ગાંધીનગર શહેરમાં ઠંડીનો માહોલ જામતાં જ વહેલી સવારે યોગા કરનારાઓની સંખ્યામાં ધીમી ગતિએ વધારો થઈ રહ્યો છે.

● ગાંધીનગર શહેરના બજારોમાં હજુ દિવાળીની ઘરાકી જામી નથી.

## ઓમ લેન્ડ માર્ક સ્કૂલમાં રંગોળી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના મોટા ચિલોડા સ્થિત ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ખાતે ગત ૩ નવેમ્બરના રોજ રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કે.જી.થી ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ પોતાની મનપસંદ રંગોળી બનાવી હતી. વિદ્યાર્થીઓએ ગોળ, ચોરસ, ત્રિકોણ, ચતુષ્કોણ, મોહ, ગણેશજી વગેરે આકારની રંગોળી બનાવી તેમાં જુદા જુદા રંગો પુરવામાં આવ્યા હતા. તેમજ વિવિધ ફૂલોની પાંખડીઓ જુદા જુદા ધાન્ય તથા દિવડાઓથી રંગોળીને સજાવવામાં આવી હતી. દરેક વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભાવોની રજૂઆત કરી હતી.




### નેશનલ રેફરી એકઝામની પૂર્ણાહૂતિ

ગુજરાત વિદ્યાપઠી-મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય સાદરાના સ્વચ્છ, સુંદર, સુસ્જજ પર્યાવરણીય માહોલમાં રમત ગમત મેદાનોમાં નેશનલ રેફરી એકઝામની પૂર્ણાહૂતિ થઈ. ગુજરાત સ્ટેટ વોલીબોલ એસોસિએશન અને વોલીબોલ ફેડરેશન ઓફ ઈન્ડિયાના સંયુકત ઉપક્રમે વોલીબોલ નેશનલ રેફરી એકઝામમાં રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાના ખેલાડીઓમાં ૧૬ મહિલા અને ૫૭ પુરુષ ખેલાડીએ ભાગ લીધો હતો. પાંચ દિવસીય તાલીમમાં વોલીબોલ રમતના નિયમોની માહિતી સૈધ્ધાંતિક-પ્રાયોગિક દ્વારા અપાઈ હતી. પૂર્ણાહૂતિ કાર્યક્રમના અધ્યક્ષ ડૉ. જમનાદાસ સાવલિયાએ પ્રાસંગિક ઉદબોધન આપ્યું હતું. વી.એફ.આઈ. કન્વીનર બેની કુનગે તથા વી.એફ.આઈ. ચેરમેન સૈયદ યુસુફ ઉપસ્થિત રહ્યા હતા. સેક્રેટરી કે.એમ. મોદીએ સભા સંચાલન કર્યું હતું. મેદાનો અને નિવાસ વ્યવસ્થા ડૉ.જગદીશ સાવલિયા અને ડૉ. નિમેષ ચૌધરીએ કરી હતી. કો ઓર્ડીનેટર ડૉ. કમલેશ પટેલે આયોજનની ભૂમિકા ભજવી હતી જયારે આંતરરાષ્ટ્રીય રેફરી નરેન્દ્રસિંગ ક્ષત્રિએ કાર્યક્રમની આભાર વિધિ કરી હતી.

## કોબા ગામ ખાતે યોગ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૫

પતંજલિ યોગ સમિતિ દ્વારા કોબા ગામ ખાતે ત્રિદિવસીય યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોબા ગામના આજુબાજુ રહેતા વિસ્તારોના લોકોએ શિબિરનો લાભ લીઓ હતો. શિબિરમાં યોગ કરવા અંગેની તાલીમ કાનજીભાઈ બાવરી દ્વારા આપવામાં આવી હતી. આ શિબિરમાં કોબા ગામના સરપંચ યોગેશ નાયી, મહિલા એડવોકેટ ઈલાબેન વોરા, ગાંધીનગર કેળવણી મંડળ સ્કૂલના ટ્રસ્ટીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## બેંક ઓફ ઈન્ડિયામાં ગાંધીનગરની બીબીએ કોલેજના તૃતીય વર્ષના ૯ વિદ્યાર્થીઓનું ૩૦ દિવસ માટે 'ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ'

ગાંધીનગર, તા. ૫

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશનના ૯ વિદ્યાર્થીઓનું બેંક ઓફ ઈન્ડિયામાં ૩૦ દિવસ માટે 'ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ' થયું. બીબીએ બાદ બેંકમાં



નોકરી માટેની ઉજ્જવળ તકો માટે આ ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ થયું હતુ. બેંકિંગ ક્ષેત્રે હાલમાં રોજગારીની તકો ખુબજ વિશાળ પ્રમાણમાં ઉભી થઈ રહી છે. ત્યારે મેનેજમેન્ટ ક્ષેત્રના સ્નાતકોમાં બેંકિંગ ઓપરેશન્સને લગતા કૌશલ્યોનો વિકાસ થાય અને વિદ્યાર્થીઓ તેમાં નિપુણ બને તે હેતુથી ૩૦ દિવસની બેંકિંગ ક્ષેત્રની તાલીમ જરૂરી છે.

પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અર્થતંત્રના વિકાસ અર્થે બેંક ઓફ ઈન્ડિયાનું ખુબ સારૂ યોગદાન છે. આ બેંકના એજીએમ બિમલસાહેબ તેમજ માર્કેટીંગ હેડના સહકારથી અત્રેની બીબીએ કોલેજના ૯ વિદ્યાર્થીઓને આ પ્રતિષ્ઠિત બેંકમાં ૩૦ દિવસની તાલીમ લેવાની તક મળી છે. તમામ વિદ્યાર્થીઓને માર્કેટ રીસર્ચ પ્રોડકટ તેમજ સર્વિસ પોર્ટફોલીયો જેવા કાર્યો તેમજ સેલ્સ, પ્રિ-ટ્રેડ પ્રોસીજર, ટ્રેડ સર્વિસ, ટ્રેડ પ્રોસેસ, ડેટા મેનેજમેન્ટ, ક્લિયરિંગ તેમજ સેટલમેન્ટ પ્રોસીજર અને પોસ્ટ ઈશ્યૂ, કંપ્લેન તેમજ કંટ્રોલ, વેબ બેંકિંગ, નેટ બેંકિંગ, ઈ બેંકિંગ, મબાઈલ બેંકિંગ જેવા અનેક પાસાઓનો આવરી લઈ ૯ વિદ્યાર્થીઓ ૩૦ દિવસ સુધી તાલીમ લેશે. સાંપ્રત સમયમાં ઉદ્યોગકારોની સાથે બેંક કેવી રીતે ડીલ કરે છે તેમજ સેવાઓ પુરી પાડે છે તેવી તમામ બાબતોનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરશે. વિદ્યાર્થીઓને ૩૦ દિવસની ટ્રેનિંગ દરમ્યાન બેંક ઓફ ઈન્ડિયા ખાતે બપોરે ૧.૦૦ વાગ્યાથી ૬.૦૦ વાગ્યા સુધી તાલીમ આપવામાં આવશે. બ્રાન્ચના એજીએમ બિમલસાહેબ દ્વારા ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ ડ્રાઈવને સફળ બનાવવા ખૂબજ સહકાર પુરો પાડ્યો હતો. કોલેજ તરફથી આચાર્ય ડૉ. રમાકાન્ત પ્રસ્ટીના માર્ગદર્શન હેઠળ ટ્રેનિંગ અને પ્લેસમેન્ટના હેડ ડૉ. જયેશ જે. તન્ના, પ્રો. માર્ગી દેસાઈ, પ્રો. આશિષ ભુવા તેમજ સમગ્ર ટીમ દ્વારા ખૂબ જહેમત ઉઠાવી હતી.

## અમદાવાદના પ્રહલાદનગર વિસ્તારમાં આગ લાગતા નાસભાગ

અમદાવાદ, તા.૫

શહેરના પ્રહલાદનગર રોડ પર આવેલા ટાઈટેનિયમ સિટી સેન્ટરના બારમા માળે ગત રાત્રે અચાનક શોર્ટ સર્કિટ થતા આગ ભભૂકી ઉઠી હતી. આ ઘટના બનતા લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. આ ઘટનામાં ૧૧ જેટલા લોકો ફસાયા હતા. આ ઘટનાની જાણ ફાયરબ્રિગેડને કરાતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આવી હતી અને પાળીનો મારો ચલાવી આગને ગણતરીના કલાકમાં કાબૂમાં લીધી હતી.

આ ઘટનામાં ફસાયેલા ૧૧ લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. જોકે, આ બનાવમાં કોઈ જાનહાનિ થવા પામી નથી. ફાયર બ્રિગેડ મુજબ શહેરના પ્રહલાદનગર રોડ પર ટાઈટેનિયમ સિટી સેન્ટર નામની ઈમારતના એ બ્લોકમાં ગત રાત્રે ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટ થતાં આગ લાગી હતી. આ ઘટના બનતા આસપાસના લોકોમાં નાસભાગ મચી જવા પામી હતી. આગના કારણે ધુમાડા નિકળતા જ બિલ્ડિંગમાં હાજર લોકોએ તાત્કાલિક ફાયર બ્રિગેડ ને જાણ કરી હતી. જાણ કરાતા ફાયર બ્રિગેડ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને ફાયર જવાનોએ આગને કાબૂમાં લેવા માટે પાણીનો મારો ચલાવ્યો હતો.

## મોંઘવારી પણ ભાજપને મુશ્કેલીમાં મુકી શકે છે

અમદાવાદ, તા.૫

અનામત આંદોલન બાદ ભાજપ સરકારના તમામ પાસા અવળા પડી રહ્યા છે. પટેલ તૃષ્ટિકરણ કરતા ભાજપની એવી દશા છે કે, આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં મતદારોને રિઝવવાના મુદ્દા પણ નથી. પરિણામે ચૂંટણીમાં ભાજપ ફરી એકવાર વિકાસના મુદ્દાની જૂની રેકોર્ડ વગાડશે. વખતે ભાજપ ખુદ માને છે કે, અનામત અને મોંઘવારીનો મુદ્દો ચૂંટણીનો ખેલ બગાડશે. ચૂંટાયેલા પ્રતિનિધિઓનો ભ્રષ્ટાચાર પણ ભાજપને નડશે. આંદોલનમાં પાટીદારોને પંપાળવા ભાજપ સરકારે આર્થિક પેકેજ જાહેર કર્યું પણ તે ઝાઝુ અસરકારક સાબિત થઈ શક્યું નહી. પાટીદાર તો ખુબ જ નારાજ છે. સાથે સાથે ઓબીસી, એસસીમાં પણ નારાજગી છે. હવે ભાજપ ઓબીસી સહિત અન્ય જ્ઞાતિના મતદારોને રિઝવવા સરકારની સિદ્ધિઓ, પાંચ વર્ષનું સુશાસન સહિતના મુદ્દાઓને લઈને ચૂંટણી મેદાને ઉતરશે. ફરી એકવા સૌના સાથ, સૌનો વિકાસ એ મંત્રને ભાજપ ગૂંજવશે. આ વખતે અનામતની સાથે સાથે મોંઘવારીનો મુદ્દો પણ ભાજપને ઘરે લાવે તેવી દશા છે. ભાજપ શાસનમાં વ્યાપક ભ્રષ્ટાચારને પણ મતદારો ધ્યાનમાં લેશે. આ બધાયે કારણો ભાજપને ચૂંટણીમાં નડે તેમ લાગી રહ્યું છે.

## ચિલોડા મોટા ખાતે લાઈફ સ્કીલ એજ્યુકેશન નોન રેસિડેન્શીયલ સેમિનાર યોજાયો

ચિલોડા, તા. ૫

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના યુવા પ્રભાગ તથા ભારત સરકારના યુવા



મંત્રાલયના સંયુક્ત ઉપક્રમે જગદંબાભવન કેન્દ્ર દ્વારા શ્રી સ્વામીનારાયણ ગુરુકુલ શાળાના ધો. ૮ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે તા. ૨ થી ૭ નવેમ્બર ૨૦૧૫ છ દિવસીય લાઈફ સ્કીલ એજ્યુકેશન કેમ્પ નોન રેસિડેન્શીયલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં શાંતિ, પ્રેમ, જીવનમુલ્યો, સકારાત્મક ચિંતન વેલ્યુ, ગેઈમ, ગોલ સેટીંગ, સંદેશા વ્યવહારની કળા, ક્રોધ પર વિજય, પ્રભાવશાળી વ્યક્તિત્વ, ગાંધીજીની જીવનશૈલી, વ્યસન મુક્તિ, સમયનું મહત્વ, સંબંધોમાં મધુરતા, જેવા વિષયો પર તબક્કાવાર વિચાર વિમર્શ દ્વારા પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આ સેમિનારમાં આર્મી મેનેજર તથા મનોચિકિત્સક ડૉ. રાજેન્દ્ર આનંદ દ્વારા આત્મિક મુલાકાત લઈ વિદ્યાર્થીઓને જીવન વિકાસ ઘડતરના મુલ્યોનું મહત્વ સમજાવ્યું હતું. આ કેમ્પમાં સમાપન પ્રસંગે વિદ્યાર્થીઓને પરમપિતા પરમાત્માની યાદમાં બ્રહ્મભોજન પીરસવામાં આવ્યું હતું.

સમાપન સમારંભમાં શ્રી સ્વામીનારાયણ સ્કૂલ, પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી માનસિંહભાઈ ચૌધરી, માધ્યમિક શાળાના આચાર્ય શ્રી ચીમનભાઈ પટેલ, કેમ્પ નિયામક શ્રી પુરુષોત્તમભાઈ પટેલ, યુવા નહેરુ કેન્દ્રના કો.ઓડીનેટર રજનીભાઈ સુથાર, બ્રહ્માકુમારી કૃતિબેન, સેટેલાઈટ ખોરજ, યુવા પ્રભાગ ગુજરાત કો. ઓડિનેટર, ગાંધીનગર સંચાલિત કૈલાસ દીદી, બી.કે. તારાબેન, ચિલોડા સેવા કેન્દ્ર વગેરેએ બાળકોને આર્શીવચન પાઠવ્યા હતા. અંતમાં તમામ બાળકોને વેલ્યુગેઈમ રમાડી વિજેતાઓને ઈનામ વિતરણ દ્વારા પ્રોત્સાહીત કર્યા હતા. ૪૦ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરી પરમાત્માની યાદમાં ભેટ અર્પણ કરવામાં આવી હતી.

## અમદાવાદમાં ૧૭૨ ઉમેદવારીપત્રો ભરાયા

મહાનગરપાલિકાઓની ચુંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા આજેપણ યથાવત રીતે જારી રહી હતી. હજુ સુધી ૧૫૭ ઉમેદવારી પત્રો ભરાઈ ચુક્યા છે.રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની જાહેર થયેલી ચૂંટણીઓ અંતર્ગત ૨૨મી નવેમ્બર, રવિવારના રોજ રાજ્યની છ મહાનગર પાલિકાઓની ચૂંટણીઓ યોજાનાર છે ત્યારે આજે છ મહાનગર પાલિકાઓમાંથી પાંચ મહાનગર પાલિકાઓમાં કુલ ૧૫૭ ઉમેદવારીપત્રો ભરાયા છે. આ સાથે જ આજ દિન સુધીમાં કુલ ૧૭૨ ઉમેદવારીપત્રો ભરાયા છે.આજે ભરાયેલા ૧૫૭ ઉમેદવારીપત્રોમાંથી અમદાવાદ મહાનગરપાલિકાના ૧૨૯ ઉમેદવારી પત્ર ભરાયેલ છે. સુરતમાં આઠ ઉમેદવારીપત્રો ભરાયેલ છે. વડોદરામાં ૮, જામનગરમાં ૧૧ અને રાજકોટ મહાનગર પાલિકામાં એક ઉમેદવારીપત્ર સાથે આજે કુલ ૧૫૭ ઉમેદવારીપત્રો ભરાયા છે.

## ગુજરાતની શાળાઓના ૨૫ ટકા બાળકની આંખ નબળી

અમદાવાદ, તા.૫

ગુજરાતમાં બાળકોમાં કુપોષણને દૂર કરવા માટેરાજ્ય સરકાર દ્વારા મોટાપાયે અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જો કે, આ દરમિયાન ચોકાવનારુ તારણ એ આવ્યં છે કે, રાજ્યની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા અંદાજે ૨૫ ટકા જેટલા બાળકોની આંખો નબળી છે.

બાળકોની આંખોમાં ખામી અંગેની વાલીઓની અજ્ઞાનતાને જવાબદાર હોવાનું સંશોધનમાં બાહર આવ્યું છે. આ સમસ્યાના ઉકેલ માટે વાલીઓ તેમજ શિક્ષકોને બાળકની નબળી દ્રષ્ટીની ખામી ધરાવે છે કે તે અંગેની જાણકારી આપવામાં આવશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ બાળકના જન્મબાદ તેના સર્વાંગી વિકાસમાં આંખો ૮૦ ટકા ભાગ ભજવતી હોય છે. આથી બાળકોની આંખોની જન્મજાતથી જ કાળજી લેવામાં આવે તે જરૂરી છે.

બાળકોમાં આંખોની દ્રષ્ટિ કેળવવા માટે બંને આંખોનું હાથ તેમજ મગજ સાથે કોર્ડિનેશન થાય છે કે નહીં તેનો અભ્યાસ કરવો મહત્વનો હોય છે. જો બાળકોની આંખોમાં માયનશ નંબર હોય તો બાળક વારંવાર આંખો ચોળીને કે આંખો પટપટાવીને, પુસ્તકને નજીક રાખીને વાંચે છે. ટીવી નજીક જઈને જોવે છે. સ્કૂલમાં બોર્ડ પરના દાખલા કે જોડણીમાં ભૂલો કરવી અથવા બાજુના સ્ટુડન્ટમાંથી કોપી કરવી તેમજ ખેલકૂદ પ્રત્યે રુચી ઘટવી સહિતના લક્ષણો જોવા મળે છે. બાળકોની આંખો નબળી છે કે નહીં તે માટે જન્મ બાદ ઓછામાં ઓછું દર બે વર્ષે આંખોની તપાસ કરાવવી જોઈએ. બાળકોની આંખો નબળી હોવાની જાણ થાય તો તેને જરૂરી કસરત કરાવીને તેમજ યોગ્ય ચશ્મા પહેરાવવામાં આળે તો આવા બાળકોની આંખો બચાવી શકાય છે.

બાળકોની આંખો નબળી છે કે નહીં તે અંગેની જાણકારી આપતી તાલીમ વાલીઓ અને શિક્ષકોને આપવામાં આવે તો બાળકોની આવે તો બાળકોની આંખોનું વિઝન નબળું થતું બચાવી શકાય તેમ છે. આ માટે તેજ આઈ સેન્ટર દ્વારા સરકારી અને ખાનગી તમામ શાળાઓના શિક્ષકો તેમજ બાળકોના વાલીઓને તબક્કાવાર તાલીમ આપવામનાં આવશે.

# પીએચડી શિષ્યવૃત્તિ અંગે રિવ્યૂ કમિટિ નિર્ણય કરશે

પીએચડીના વિદ્યાર્થીઓને રિસર્ચમાં મદદરુપ થવાના ઉદ્દેશ્ય સાથે આપવામાં આવતી શિષ્યવૃત્તિ રદ્દ કરવા મામલે વિવાદ સર્જાયેલ છે ત્યારે આ મામલાના નિરાકરણ માટે રિવ્યૂ કમિટિની રચના કરવામાં આવી છે જે પીએચડીના ઉમેદવારોને આપવામાં આવતી શિષ્યવૃત્તિ અંગે નિર્ણય કરશે. આ રિન્યુ કમિટિ પોતાનો રિપોર્ટ આગામી ડિસેમ્બર મહિનામાં રજૂ કરવામાં આવશે. દેશની વિવિધ યુનિવર્સિટીમાં પીએચડી કરતા વિદ્યાર્થીઓને સંશોધનમાં મદદરુપ થવા ઉદ્દેશ્ય સાથે દર મહીને ૭૦૦૦ રૂપિયા શિષ્યવૃત્તિ ચુકવવામાં આળે છે. જો કે, આ શિષ્યવૃત્તિ બંધ કરવાની યુજીસીની હિલચાલનો ગુજરાત સહિત દેશભરમાં ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે ત્યારે પીએચડી શિષ્યવૃત્તિ અંગે નિર્ણય કરવા માટે રિવ્યૂ કમિટિની રચના કરવામાં આવી છે. પાંચ સભ્યોની આ રિવ્યૂ કમિટિના ચેરમેન તરીકે આઈઆઈટી ગોવાહાટીના પૂર્વ ડાયરેક્ટર ગૌત્તમ બરુઓની નિમણૂંક કરવામાં આવી છે જ્યારે અન્ય સભ્યોમાં ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટીના કુલપતિ સૈયદ બાડી, હિમાચલ પ્રદેશ સેન્ટ્રલ યુનિવર્સિટીના કુલપતિ કુલદીપ અગ્નિહોત્રી, કર્ણાટક સ્ટેટ વુમન યુનિવર્સિટીના કુલપતી મીના ચંદાવરકર અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના મેમ્બર સેક્રેટરીનો સમાવેશ કરવામાં આવ્યો છે.